### મે મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રથમ રાઉન્ડ યોજી પ્રવેશ નિશ્ચિત કરાશે

# શહેરમાં આરટીઈ હેઠળ પ્રવેશ માટે આઠ હજારથી વધુ અરજીઓ આવી

## આશરે 6900 જેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી

શહેરમાં અત્યાર સુધીમાં ઓનલાઇન 8,800 જેટલી અરજીઓ આવી છે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

વડોદરા સહિત રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે આ વર્ષે હરીફાઈ સર્જાય છે. બેઠકોની સરખામણીએ વધુ પડતી અરજીઓ આવતા વાલીઓમાં પણ અનિશ્ચિતતા ફેલાય છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ બેઠકો મર્યાદિત હોવાથી દરેકને તક મળવી હવે મુશ્કેલ બની રહી છે. પરિણામે ઘણા વાલીઓ માટે આ પ્રક્રિયા આશા અને ચિંતા વચ્ચે ઝૂલતી બની છે. આ પ્રક્રિયા હેઠળ પ્રવેશ માટે લોટરી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવે છે.

જેમાં યોગ્ય ઉમેદવારોમાંથી રેન્ડમ રીતે પસંદગી થાય છે. પ્રક્રિયા પારદર્શક હોવા છતાં બેઠકોની અછતને કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને બહાર રહેવું પડે છે આ પરિસ્થિતિ વાલીઓ માટે નિરાશા જનક બની રહી છે. શહેરમાં આરટીઈ માટે વધતી માંગ પાછળ ખાનગી શાળાઓમાં મળતી ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થા મફત શિક્ષણનો લાભ અને વધુ સુવિધાઓ મુખ્ય કારણ ગણાય છે.

સરકારી શાળાઓની તુલનામાં ખાનગી શાળાઓ પ્રત્યેનો ઝોક સતત વધતો રહ્યો છે. હાલ આ યોજના ગરીબ અને નબળા વર્ગના બાળકો માટે મહત્વપૂર્ણ છે. પરંતુ હાલની પરિસ્થિતિમાં બેઠકો વધારવાની જરૂર છે, સાથે જ સરકારી શાળાઓની ગુણવત્તામાં સુધારો લાવવો અનિવાર્ય બની ગયો છે. જેથી તમામ બાળકોને સમાન તક મળી શકે.

નોંધનીય છે કે, આ વખતે આરટીઈ પ્રવેશ અંતર્ગત અરજી કરવાનો સમય ગાળો 17 એપ્રિલ સુધી રાખવામાં આવ્યો હતો. જેને વધારીને હવે મુદત આગામી 23મી એપ્રિલ સુધી કરવામાં આવી છે. શહેરમાં અત્યાર સુધીમાં ઓનલાઈન 8,800 જેટલી અરજીઓ આવી છે. જેમાંથી આશરે 6900 જેટલી અરજીઓ મંજૂર થઈ છે.

આગામી 23મી એપ્રિલ સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા બાદ પ્રથમ રાઉન્ડ ત્રણ અથવા ચાર મે ના રોજ યોજી પ્રવેશ નિશ્ચિત કરવામાં આવશે હોવાનું જાણવા મળ્યું હતું.

### લોકશાહીના મહાપર્વની 2406 મતદાન મથકો પર તૈયારીઓ

# 22 લાખ જેટલા મતદારો નક્કી કરશે ભાવિ શાસકોનું નસીબ

મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.18

વડોદરા જિલ્લાના રાજકીય ફલક પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે. આગામી 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનારી મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે મતદાન મથકોનું પુનર્ગઠન કર્યા બાદ હવે અંતિમ આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે, જે લોકશાહીની મજબૂતીની સાક્ષી પૂરે છે. આ ચૂંટણી પ્રક્રિયા માત્ર એક શહેર પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોને આવરી લે છે.

ચૂંટણીમાં મુખ્યત્વે વડોદરા મહાનગરપાલિકા શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓ માટેની મહત્વપૂર્ણ ચૂંટણી. તેમજ 8 તાલુકા પંચાયતો પાદરા, કરજણ, શિનોર, સાવલી, ડભોઈ, ડેસર, વડોદરા અને વાઘોડિયા. અને 4 નગરપાલિકાઓ જેમાં ડભોઈ, પાદરા, સાવલી અને વાઘોડિયાનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા મતદાન મથકોના નવા સીમાંકન અને મતદાર યાદીના સુધારા બાદની સ્થિતિ અત્યંત રસપ્રદ છે. જિલ્લામાં કુલ 21,95,738 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ છે. મહાનગર પાલિકામાં કુલ 1131 મતદાન મથકો છે. જેમાં 6,12,825 પુરુષ મતદારો અને 5,95,099 સ્ત્રી મતદારો સાથે 97 અન્ય મળીને કુલ 12,08,021 મતદારોની સંખ્યા છે. નગરપાલિકામાં કુલ 113 મતદાન મથકો છે.

જેમાં 50,554 પુરુષ મતદારો અને 49,174 સ્ત્રી મતદારો સાથે 5 અન્ય મળીને 99,733 મતદારોની સંખ્યા છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કુલ 1162 મતદાન મથકો છે. જેમાં 4,52,864 પુરુષ મતદારો અને 4,35,111 સ્ત્રી મતદારો સાથે 9 અન્ય મળીને 8,87,984 મતદારોની સંખ્યા છે. આમ કુલ મળીને 2406 મતદાન મથકોમાં 11,16,243 પુરુષ મતદારો, 10,79,384 સ્ત્રી મતદારો સાથે 111 અન્ય મળીને 21,95,738 મતદારો મતદાન કરશે.

### ત્રણ સંતાનોએ પિતા ગુમાવ્યા

# ઢાઢર નદીમાં મગરના હુમલામાં ગુમ યુવકની લાશ મળી આવી



(પ્રતિનિધિ) ભરૂચ તા.18

બોજાદરા ગામે ઢાઢર નદીમાં મગરના હુમલામાં ગુમ થયેલા યુવકનો મૃતદેહ બીજા દિવસે મળી આવ્યો છે. આ ઘટનાથી આખા વિસ્તારમાં શોકનું મોજું ફરકી ગયું છે. મૃતકની ઓળખ જાફરપુરા ગામના કિસન ગોપાલ રાઠોડ (ઉંમર લગભગ 35 વર્ષ) તરીકે થઈ છે. તેમના અકાળે થયેલા નિધનથી તેમના ત્રણ નાનાં સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, મગરના હુમલામાં યુવક ગંભીર રીતે ઘવાયો હતો. મૃતદેહના અમુક ભાગો મગરે ફાડી ખાધા હોવાનું જણાયું છે. શરીરમાંથી ફેફસાં અને આંતરડા પણ બહાર આવી ગયા હતા, જે ઘટનાની ભયાનકતાને દર્શાવે છે. ઘટના સ્થળે જંબુસર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ, આસપાસના ગામોના આગેવાનો અને જંબુસર ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. અધિકારીઓએ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. મૃતકના પરિવારજનો અને સ્થાનિક લોકોએ સરકાર પાસે પીડિત પરિવારને યોગ્ય સહાય અને વળતર આપવાની માંગ ઉઠાવી છે. જંબુસર પોલીસે મૃતદેહનો કબજો મેળવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તથા પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો છે.

## વાસણા બુઝર્ગ ખાતે મતદાન જાગૃતિ અભિયાન રેલી યોજાઈ

નડિયાદઃ ખેડા જિલ્લામાં આગામી તા. ૨૮મીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ માં વધુમાં વધુ મતદાન થાય તેવા ઉમદા આશય સાથે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'સ્વીપ' પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવ્યો છે.આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પણ વિવિધ રીતે મતદાન જનજાગૃતિનો પ્રેરક સંદેશો પાઠવી રહયા છે. ખેડા તાલુકાની વિવેક વિદ્યાલય વાસણા બુઝર્ગ ખાતે ગતરોજ મતદાન જાગૃતિ અભિયાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ નવના વિદ્યાર્થીઓ એ શિક્ષકો સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહયા છે.

### હુજરાત પાગા વિસ્તારમાં રાત્રિના સમયે મારામારી થતા નાસભાગ મચી

# પત્ની સાથેના ઝઘડો કરનાર જમાઈને સાસરિયાંઓએ મેથીપાક ચખાડ્યો

સસરા, કાકા-સસરા અને સાળા સામે ફરિયાદ, ઇજાગ્રસ્ત જમાઈને એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના હુજરાત પાગા વિસ્તારમા દીકરી સાથે ઝઘડો કરનાર જમાઈ ઉપર સાસરી પક્ષ તૂટી પડ્યો હતો અને લાખણીઓથી ઈન્સર્ટ હુમલો કરવામા આવ્યો હતો. જમાઈને માથામાં ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે.


જમાઈની ફરિયાદ ના આધારે પોલીસે ત્રણ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના હુજરત ટેકરા વિસ્તારમાં રહેતા સમદમીયા નસીરમીયા શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. 17 એપ્રિલના રોજ સવારે ઘરકામ બાબતે પત્ની તમન્ના સાથે બોલાચાલી થઈ હતી. દરમિયાન ઝઘડો વધુ ઉગ્ર બનતા થયો હતો. પત્નીએ પોતાના પિયર પક્ષમાં પિતા ઝહીરઅબ્બાસ શેખને જાણ કરી હતી. જેથી દીકરીના પિયર પક્ષના લોકો પકડાયા હતા રાત્રે આશરે 10:30 વાગ્યે દીકરીની સાસરીમાં લાકડીઓ લઈને રસી આવ્યા હતા. જમાઈએ દીકરી સાથે કરેલા વર્તનના પગલે સસરા ઝહીરઅબ્બાસ શેખ, કાકા-સસરા રહીમ શેખ અને સાળા હુસેન શેખ સમદમીયાના ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી જમાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન જમાઈ સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો ત્યારબાદ હુસેન શેખ સહિત સસરા અને કાકા સસરા દ્વારા લાકડાથી સમદમીયાના માથા પર ફટકા મારવામાં આવ્યા હતા. જમાઈએ બૂમરણ બચાવતા આસપાસમા રહેતા લોકો એકત્રિત થતાં હુમલાખોર ત્રણેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સમદમીયાને માથામાં ઈજા થતા તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે સમદમીયા શેખની ફરિયાદના આધારે પોલીસે હુસેન શેખ, ઝહીરઅબ્બાસ શેખ અને રહીમ શેખ સામે ગુનો નોંધીને તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### રૂ. 65,770નો મુદ્દામાલ જપ્ત કરાયો

# સાહોલ ગામની સીમમાં ટોર્ચના અજવાળે જુગાર રમતા 7 ઝબ્બે

(પ્રતિનિધિ) હાંસોટ તા.18

હાંસોટ તાલુકાના સાહોલ ગામની સીમમાં ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા સાત શખ્સોને પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ઝડપી પાડ્યા છે. પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે સાહોલ ગામની સીમમાં તળાવ પાસે બાવળની ઝાડીમાં કેટલાક શખ્સો મોબાઈલ ટોર્ચના અજવાળે પત્તા પાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી પરેશ બાબુ વસાવા, પરેશ નટવર પટેલ, મુકેશ છના રાઠોડ, નિકુંજ ઉમેશ મહેસુરીયા, મુકેશ શંકર વસાવા, ભાવેશ સુરેશ રાવલ અને ઝાકીર કમરૂદ્દીન શેખ જુગાર રમતા પકડાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. 15,770, અંદાજે રૂ. 50,000ની કિંમતના 6 નંગ મોબાઈલ ફોન અને અન્ય સાહિત્ય મળી કુલ



રૂ. 65,770નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા શખ્સો સાહોલ, જુના આસરમા અને સાયણ વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તમામ આરોપીઓ સામે જાહેર જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પ્રેમી સાથે રહેવા પત્નીએ પતિને રસ્તા વચ્ચેથી હટાવવા વેપારીની હત્યાનો પ્લાન ઘડયો

# છાણી પોલીસ દ્વારા વેપારીની પત્ની-પ્રેમીની ધરપકડ, મહિલા જેલ હવાલે

છાણીના વેપારીનું કારમાં અપહરણ કર્યા બાદ તેમને કેનાલમાં ફેંકી દેવાયા પણ તેઓ બચી ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

હરણીથી પાનની દુકાન બંધ કરીને ઘરે જઈ રહેલા વેપારીના અપહરણ અને હત્યાના પ્રયાસના ગંભીર ગુનામાં નવો વળાંક આવ્યો છે. વેપારીની પત્નીએ જ પ્રેમી સાથે રહેવા માટે પોતાના પતિનું અપહરણ કરાવી હત્યા કરવાનો પ્લાન ઘડ્યો હતો. ત્યારે છાણી પોલીસ દ્વારા આ માસ્ટરમાઈન્ડ મહિલા સહિત અન્ય એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પ્રેમસંબંધ માટે પતિને રસ્તામાંથી હટાવવા પત્નીએ જ કાવતરું રચ્યું હોવાની ચોંકાવનારી હકીકત સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મહિલા આરોપીને જેલ ભેગી કરી દેવાઈ છે. ગત 8 એપ્રિલના રોજ રાત્રે લગભગ 11 વાગ્યાના સમયે છાણી વિસ્તારમાં રહેતા ગીરીશભાઈ પટેલ પોતાની દુકાન બંધ કરીને એકટીવા પર ઘરે આવી રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા પાંચ આરોપીઓએ એક્ટીવા પરથી કાર વડે ટક્કર મારી નીચે પાડી દીધા હતા ત્યારબાદ આરોપીઓએ તેને જબરજસ્તી કારમાં બેસાડી અપહરણ કર્યું હતું. ચપ્પુ બતાવી મોબાઈલ અને રોકડ લૂંટી લીધા બાદ આણંદ જિલ્લાના સોજીતરા નજીક કેનાલના વહેતા પાણીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. જેથી તેની હત્યા કરવાનો પ્રયાસનો છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. તપાસ દરમિયાન અત્યાર સુધીમાં પાંચ આરોપીઓને પકડી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. વધુ તપાસ દરમિયાન મળેલા પુરાવા અને મોબાઇલના સ્નેપચેટ કોલ હિસ્ટ્રીના આધારે ખુલ્યું હતુ કે વેપારીની પત્ની ફાલ્ગુનીબેન પટેલ આ સમગ્ર કાવતરામાં સંડોવાયેલ હતી. તેણે પોતાના પ્રેમી કૌશિક શર્મા સાથે રહેવા માટે પતિને રસ્તામાંથી દૂર કરવાની યોજના બનાવી હતી. પોલીસે તેને અટક કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી છે. આ ઉપરાંત, 250 કલાકથી વધુના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરતા એક અન્ય આરોપી રૂદ્રકુમાર રાવળની ભૂમિકા સામે આવી હતી. જે સતત ફોન પર માહિતી આપતો હોવાની હિલચાલ પર નજર રાખતો હતો. પોલીસે તેને પણ ઝડપી કોર્ટમાં રજૂ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### અજાણ્યા ચોર સામે ગુનો દાખલ

# ભરૂચ રેલવે સ્ટેશન પર 60 હજારની સોનાની ચેનની ચોરી

( પ્રતિનિધિ ) ભરૂચ,તા.18

ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-3 પર ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસના જનરલ કોચમાં ચડવા માટે ઉભેલા 50 વર્ષીય નિવૃત્ત મહિલા પાસેથી અજાણ્યા ચોરે રૂ.60 હજારની સોનાના પેન્ડલ સાથેની ચેન ચોરી ઘટના સામે આવી છે. વડોદરાનાં ગોરવા વિસ્તારમાં જેમલ સોસાયટીમાં રહેતા 50 વર્ષીય જુલીયટબેન મહેન્દ્રભાઈ પરમાર પોતે વડોદરાથી ઓસારા ગામે કાળીકામાંના દર્શન કરવા ગયા હતા. પરત આવતા તેઓ ઓસારાથી રિક્ષા લઈ ભરૂચ રેલવે સ્ટેશને આવ્યા હતા. પ્લેટફોર્મ નંબર-૩ પર ગુજરાત સુપરફાસ્ટ ટ્રેન આવતાં જનરલ કોચમાં પેસેન્જરોની ભારે ભીડનો ફાયદો ઉઠાવી કોઈ અજાણ્યા તસ્કરે જુલીયટબેનના ગળામાંથી આશરે દોઢ તોલા (અંદાજિત કિંમત રૂ.60,000)



નું સોનાનું પેન્ડલ અને ચેન ખેંચી લઈ નાસી ગયો હતો. જુલીયટબેને જણાવ્યું કે, આ ચેન તેમની બહેન અને જેઠાણીએ ભેટ આપી હતી, જે અઢારેક વર્ષ પહેલાં તેમણે પહેરવાનું શરૂ કર્યું હતું. બિલ તેમની પાસે ન હોવાથી મૂલ્ય અંદાજિત રકમ ગણવામાં આવી છે.જે બાબતે ભરૂચ રેલ્વે પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સ્ટેશનની CCTV ફૂટેજ અને ટ્રેનમાં મુસાફરોની પૂછપરછની કાર્યવાહી શરૂ કરી છે.

### ખોડીયારનગર વીજ કચેરીમાં કોઇ ફોન નહિ ઉપાડતું હોવાના આક્ષેપ

# હરણી રોડ નરનારાયણ સોસાયટીના વીજ પોલ પર શોર્ટ સર્કિટથી દોડધામ

અવારનવાર થતી ટેક્નિકલ ખામીઓને કારણે સ્થાનિકો પરેશાન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

વડોદરા શહેરના હરણી રોડ પર આવેલી નર નારાયણ સોસાયટીના વીજ પોલ ઉપર શોર્ટ સર્કિટ થયો હતો જે બાદ અચાનક આગ લાગતા પોલ પરથી આગના તણખલા ઝર્યા હતા. જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો હતો. વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં ગરમીના પ્રમાણમાં દિવસે અને દિવસે વધારો જોવા મળી રહ્યો છે. કાળઝાળ ગરમીને કારણે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ત્યારે, ગરમીના કારણે આગ લાગવાના બનાવો પણ વધી રહયા છે. ગત મોડી રાત્રે શહેરના હરણી રોડ ઉપર આવેલી નર નારાયણ સોસાયટીના વીજ પોલ ઉપર શોર્ટ સર્કિટ થયું હતું. જે બાદ અચાનક વાયરોમાં આગ લાગી હતી. જેના કારણે આગના તણખલા ઝર્યા હતા આ ઘટનાને લઈ સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છવાયો હતો. સ્થાનિકોના આક્ષેપ મુજબ બનાવ અંગે ખોડીયાર નગર એમજીવીસીએલની પેટા કચેરી ખાતે વિસ્તારના રહીશો દ્વારા ટેલીફોનિક સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, કચેરીમાંથી કોઈએ પણ ફોન રિસીવ



કરવાની તસ્દી પણ લીધી ન હતી. જેના કારણે લાઈટો ગુલ થતા રહીશો મુશ્કેલીમાં મૂકાયા હતા.

### આજે વણજોયા મુહૂર્તનો દિવસ

# અખાત્રીજ નિમિત્તે ખરીદી અને દાનનું વિશેષ મહત્વ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

હિંદુ પંચાંગ અનુસાર વૈશાખ સુદ ત્રીજના પવિત્ર દિવસે ઉજવાતી અખાત્રીજ (અક્ષય તૃતીયા) રવિવારે શ્રેષ્ઠ અને વણજોયા મુહૂર્ત તરીકે મનાવવામાં આવશે. વર્ષના સર્વોત્તમ શુભ દિવસોમાં ગણાતો આ દિવસ કોઈપણ શુભ કાર્યના પ્રારંભ, ખરીદી તેમજ દાન-પુણ્ય માટે અત્યંત શુભ માનવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ અખાત્રીજના દિવસે જમીન-મકાન, વાહન, સોનું-ચાંદીના દાગીના, ઘરગથ્થુ સામાન અને જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવાથી અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે અને સમૃદ્ધિ વધે છે એવી માન્યતા છે. આ દિવસે કરવામાં આવેલા દાન અને જપ-તપનું ફળ પણ અક્ષય ગણાય છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. સાથે જ ગંગાજીનું પૃથ્વી પર અવતરણ અને મહાભારત રચનાનો પ્રારંભ પણ આ દિવસે થયો હોવાનું માનવામાં આવે છે. તેથી આ દિવસનું ધાર્મિક મહત્વ વિશેષ ગણાય છે. આ દિવસે ખાસ કરીને ગાયને ચારો, પાણી ભરેલા ઘડાનું દાન, અનાજ, વસ્ત્ર અને અન્ય જરૂરી ચીજવસ્તુઓનું દાન કરવાનું વિશેષ પુણ્યકારક માનવામાં આવે છે.

અનેક પરિવારો નવા કાર્યોની શરૂઆત, સગાઈ, લગ્ન નક્કી કરવી અને નવા વ્યવસાયનો પ્રારંભ પણ આ દિવસે કરે છે. જ્યોતિષીઓ મુજબ અખાત્રીજનો દિવસ વર્ષનો એવો શુભ સંયોગ છે જેમાં કોઈપણ કાર્ય માટે અલગથી મુહૂર્ત જોવાની જરૂર પડતી નથી. તેથી શહેર સહિત રાજ્યભરમાં લોકો સોનું-ચાંદી અને અન્ય વસ્તુઓની ખરીદી માટે બજારોમાં ઉમટી પડતા જોવા મળે છે.

## છોટાઉદેપુર ભાજપમાંથી હેમરાજસિંહ મહારાઉલજી ૬ વર્ષ માટે સસ્પેન્ડ

બોડેલી : બોડેલી તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ના પતિ હેમરાજસિંહ મહેન્દ્રસિંહ મહારાઉલજી ને ભારતીય જનતા પાર્ટી પક્ષમાં શિસ્તભંગ કરવા બદલ તાત્કાલિક અસર થી બરતરફ (સસ્પેન્ડ) કરવામાં આવ્યા છે પ્રાપ્ત માહિતી અનુસાર તેમના દ્વારા દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂટણી એપ્રિલ-૨૦૨૬માં બોડેલી તાલુકા પંચાયતની પાણેજ સીટ ઉપર ભારતીય જનતા પાર્ટીના માન્ય ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી કરી પક્ષના શિસ્ત અને અનુશાસનનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે પક્ષના બંધારણ મુજબ પક્ષમાં શિસ્ત સર્વોપરી છે.જેથી ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ તથા શિસ્ત સમિતની સુચના અને જીલ્લા ભાજપ સંગઠનના નિર્ણય અનુસાર તેમને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી તથા પાર્ટીના દરેક પદ હોદા પરથી તાત્કાલિક અસર થી ૦૬ વર્ષ માટે બરતરફ (સસ્પેન્ડ) કરાયા છે.

### પૂર્વ સરપંચ સહિત બે આરોપી ઝડપાયા , સપ્લાયર સાથે ચાર ફરાર

# ભાયલીમાંથી રૂા. 8.37 લાખના દારૂ સાથે 28.48 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા જિલ્લામાં ભાયલી નજીક જેટકો સબ-સ્ટેશન પાસે આવેલા ખેતર વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દારૂના કટીંગ દરમિયાન રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન મોટા પાયે દારૂનો જથ્થો, કાર, મોબાઈલ અને રોકડ સહિત રૂ.28.48 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તાજેતરમાં જ જવાહર નગર અને નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમા દરોડા પાડીને મોટી માત્રામાં વિદેશી દારૂ નો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ચૂંટણી ને હવે થોડા દિવસ બાકી રહ્યા છે ત્યારે એસએમસી દ્વારા વડોદરા શહેર અને જિલ્લા ઉપર દારૂની હેરાફેરીને લઈને શકંજો કસ્યો છે

સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમને



બાતમી મળી હતી કે વડોદરા જિલ્લાના ભાયલી ગામ પાસે આવેલા ખુલ્લા મેદાનમાં દારૂનું કટીંગ થવાનું છે. જેના આધારે એસએમસીની ટીમે 18 એપ્રિલના રોજ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ભાયલી ગામ પાસે ખુલ્લા મેદાનમાં SMCના PI એમ.કે. માલવીયા સહિતની ટીમ દ્વારા દારૂના કટીંગ પર રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન દારૂની ઈમ્પોર્ટેડ ફોરેન બોટલ અને ટીન અંદાજે રૂ.8.37 લાખ, કાર રૂ.20 લાખ, એક મોબાઈલ ફોન રૂ.5 હજાર અને રોકડ મળી કુલ રૂ. 28.48 લાખનો મુદ્દામાલ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે.

આ કેસમાં આરોપી પૂર્વ સરપંચ ગોરધન રામા ઠાકોર (રહે. ઠાકોર ફળીયું, ભાયલી) અને સંજય અરવિંદ પઢીયાર (રહે. મોટી ભાગોળ, ભાયલી)ને ઝડપીને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. જ્યારે સપ્લાયર સહિત મોહનસિંહ સેખાવત અને અન્ય બે અજાણ્યા આરોપીઓ રેડ દરમિયાન ફરાર થઈ જતા વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### ફરાર લાલુ સિંધી સહિતના આરોપીઓની શોધખોળ કરવા તપાસ વધુ તેજ

# સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણ આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.18

નંદેસરી પોલીસ સ્ટેશનમાંથી ઝડપાયેલા 43 લાખના દારૂના જથ્થાના કેસમાં સુનિલ ઉર્ફે અદા સહિત ત્રણ આરોપીઓની રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ફરાર ફરાર લાલુ સિંધી સહિતના આરોપીઓ પકડવા ગતિ વધુ તેજ બનાવાઈ છે. નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલા 43 લાખના દારૂના કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલે સુનિલ ઉર્ફે અદો આરોપીઓની રિમાન્ડ દરમિયાન પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દારૂના સપ્લાય ચેન અંગે સ્પષ્ટ માહિતી મેળવવા પ્રયત્નો છતાં આરોપીઓ પાસેથી સંતોષકારક જવાબ મળ્યો નથી. તપાસને વધુ મજબૂત બનાવવા માટે પોલીસ દ્વારા ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે.

આ ફોનમાંથી કોલ ડિટેલ રેકોર્ડ તેમજ અન્ય ડિજિટલ પુરાવા મેળવવા માટે હવે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. હરિયાણાથી ઝડપાયેલા આરોપીઓ બાદ હવે આ ગેંગનો મુખ્ય સૂત્રધાર લાલુ સિંધી સહિતના અન્ય સંડોવાયેલા આરોપીઓ અલગ અલગ સ્થળોએ શિફ્ટ થઈ રહ્યા છે. એસએમસી દ્વારા શનિવારના રોજ સુનિલ ઉર્ફે અદા પ્રકાશ કેવલરામાણી, પલકેશ ઉર્ફે પલ્લી કિશન ચંદામેચા અને સંજય કિશોર સિંગના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટ દ્વારા ત્રણેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા હાલ ફરાર આરોપીઓની શોધખોળ તેજ કરવામાં આવી છે.